## સંક્ષિપ્ત સમાચાર

### ડભોઈ તાલુકાના હેતમ પૂરા ખાતે યમુના મહારાણી જીની પધરામણી ભવ્ય શોભાયાત્રા



**તરસાણા** : ડભોઈ તાલુકા ના હેતમ પૂરા ખાતે વલ્લભ ફાર્મ માં યમુના મહારાણી જી ની પધરામણી પ્રસંગે ભવ્ય શોભાયાત્રા અને રંગારંગ ફાગોત્સવ યોજાયો હતો, કાંકરોલી નરેશ ડો. વાગીશકુમાર મહોદય અને યુવરાજ વેદાંત બાવા અને સિદ્ધાંત રાજા ના સાનિધ્ય માં યોજાયેલા પ્રસંગ માં વડોદરા શહેર અને જિલ્લાઓ માથી હજારો વૈષ્ણવો ઉત્સાહ સાથે ઉમટ્યા હતા. મનોરથી રાજેશભાઈ પરીખ વલ્લભસ્ટીલ વાળા ક્વાટ વાળા પરિવાર દ્વારા ભવ્ય આયોજન પર પાડ્યું હતું. આદિવાસી નૃત્ય મંડળી એ લોકોનું આકર્ષણ નું કેન્દ્ર બન્યું હતું.

### સંખેડા એપીએમસી ખાતે પ્રથમ મીટીંગ યોજવામાં આવી



**સંખેડા** : સંખેડા એપીએમસીના નવનિયુક્ત પ્રમુખ બહાદરપુરના વતની ભૌમિકભાઈ દેસાઈ તેમજ ઉપપ્રમુખ તરીકે નવનિયુક્ત સંજયભાઈ દેસાઈ તેમજ નરહરી ભાઈ પટેલ તેમજ બોડેલી એપીએમસીના પૂર્વ ચેરમેન શિવ મહા રાવલજી તેમજ વેપારી તેમજ કમિટી સભ્યો તેમજ સરકારી અધિકારી સહિત 18 ની સંખ્યામાં થી બે સરકારી અધિકારી ગેરહાજર હતા તેમાં 16 સભ્યોની સર્વનું મતે પ્રથમ મીટીંગ યોજવામાં આવી આ પ્રથમ મિટિંગમાં સીઝનેબલ કર્મચારીના પગારના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ત્યારબાદ નવી બોડીના સહીનું વલણ બદલવાની પ્રક્રિયા નીશરૂઆત કરી સર્વે કમિટી સભ્યો દ્વારા શાંતિ પૂર્ણ વાતાવરણમાં કમિટીનું આયોજન પૂર્ણ કરવામાં આવ્યું હતું.

### યુકેની ધરતી પર મોદી સમર્થકોએ લોકસભાની ચૂંટણીને લઈને યોજેલી રેલી



**ડભોઈ** : ભારત માં યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણી ના પડઘા હાલ યુકેની ધરતી પર જોવા મળ્યા ડભોઇ તાલુકાના મોટા હબીપુરા ગામના યુવાનો યુકે અભ્યાસ કરવા ગયેલા હોય તેઓએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થનમાં ભવ્ય કાર અને બાઇક રેલી કાઢી ભારતીય જનતા પાર્ટીનો પ્રચાર પ્રસાર કર્યો હતો.તારીખ ૧૬-૩-૨૪ ના રોજ વિદેશ એટલે કે હેરો (યુકે) માં અભ્યાસ અર્થે ગયેલ ડભોઇ દર્ભાવતી તાલુકાના મોટા હબીપુરા ગામના યુવાન જય શૈલેષભાઈ પટેલ અને ત્યાં ના મેમ્બર ઓફ પાર્લામેન્ટ બોબ બ્લેક મેન અને ભારતીયો દ્વારા ભેગા મળીને નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં કાર રેલી યોજવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં સમર્થકોએ ભાગ લીધો હતો.

### છોટાઉદેપુર જિલ્લા ચૂંટણી અધિકારીનું રાજકીય પક્ષના પ્રતિનિધિઓને માર્ગદર્શન



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી અનીલ ધામેલીયાએ લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ સંદર્ભે રાજકીય પક્ષના પ્રતિનિધિઓ અને ઉપસ્થિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી જાહેર કરવામાં આવી છે તે મુજબ છોટાઉદેપુર જિલ્લાની ૨૧મી લોકસભા બેઠકની ચૂંટણી ત્રીજા તબક્કામાં યોજાશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ગેઝેટ પ્રસિદ્ધ કરવાની તારીખ ૧૨ એપ્રિલ નક્કી કરવામાં આવી છે.

### પાદરા સ્વામીનારાયણ મંદિર ખાતે રક્તદાન શિબિર યોજવામાં આવી



**પાદરા** : વડતાલ વાસી લક્ષ્મીનારાયણ દેવ, હરિકૃષ્ણ મહારાજનો 200મો પાટોત્સવ તેમજ વડતાલ દેશ ગાદી પીઠાધિપતી સનાતન આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૭૫ મો અમૃત પ્રાગટ્ય મહોત્સવ અંતર્ગત આંતરરાષ્ટ્રીય રક્તદાન શિબિરના ભાગરૂપે પાદરા ખાતે ભવ્ય રક્તદાન શિબિર નું આયોજન કરાયું હતું. પરમ પૂજ્ય ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી આંતરરાષ્ટ્રીય મહારક્તદાન શિબિર દેશના અનેક સ્થળોએ તથા ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઇંગ્લેન્ડ, દુબઈ, અમેરિકા સહિત અનેક સ્થળોએ રવિવારના રોજ આયોજન કરાયું છે જેના ભાગ રૂપે પાદરા ખાતે પણ રક્તદાન કેમ્પ યોજાયો હતો

---

**પાદરામાં નજીવી રકમ બાબતે ચાર શખ્સો દ્વારા હુમલો**

# પાદરા તાલુકાના ડભાસા ગામે નાણાંની લેતી-દેતી બાબતે ઝઘડામાં એકની હત્યા

**પાંચ** ઈસમો મૃતક પર તુટી પડ્યા હતા

(પ્રતિનિધી) પાદરા, તા.18

વિકાસ પાટણવાડીયા નામનો ડભાસા ગામનો રહેવાસી 1500 ની લેતીદેતી બાબતે સોખડા કેનાલ પાસે રહેતા સુરેશ તડવીના ઘરે ગયો હતો જ્યાં બોલાચાલી થતાં બંન્ને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો જેમાં સુરેશ તડવી તથા તેની સાથેના પાંચ જેટલા લોકોએ વિકાસ પાટણવાડીયાની હત્યા કરી દેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.



પાદરામાં રૂ. 1500 ની લેતીદેતીમાં પાંચ જેટલા લોકો યુવકો પર તુટી પડ્યા હતા. આ ઘટનામાં ત્રણ લોકો ભાગવામાં સફળ રહ્યા હતા, જ્યારે એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં યુવકને બેભાન અવસ્થા દવાખાને લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તબિબોએ તેને મૃત જાહેર કર્યો છે. આખરે સમગ્ર મામલે પાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. જે બાદ પોલીસે કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાદરા પોલીસ મથક માં નોંધાવેલી ફરિયાદમાં કિરીટભાઈ શનાભાઈ પાટણવાડીયાએ જણાવ્યું હતું કે, સવારે અગિયાર વાગ્યે પરિવારના સભ્યો સાથે કમલેશભાઈ ઘનશ્યામભાઈ પાટણવાડીયા માટે છોકરી જોવા મીંઢોડ ગામે મિત્રની ઈકો કારમાં જઈ સાંજે પરત આવ્યા હતાં. તે દરમિયાન સાંજે સાત વાગ્યે તેમના મોબાઈલ પર કોલ આવ્યો હતો અને સામેની વ્યક્તિએ જણાવ્યું હતું કે, હું વિકાસ બોલું છું. મારી પાસે સુરેશ તડવી રૂ. 1500 માંગે છે. જે મેં તેની પાસે ઉછીના લીધા હતા. રૂપિયા બાબતે સુરેશ સાથે ઝગડો થતા તેણે મોબાઈલ ફોન લઈ લીધો છે. અને બે ઝાપટ પણ મારી છે જેથી તેઓ જણાવે છે કે, તું ત્યાં ઉભો રહે. હું રૂ. 1500 લઈને આવું છું. જે બાદ ત્રણેય પાદરાથી સોખડા કેનાલ પહોંચ્યા હતા ત્યાં વિકાસ મળ્યો હતો, અને તેણે પૈસા કોને આપવાના છે તે પુછવામાં આવ્યુ હતું. જે બાદ તે નજીકના એક મકાનમાં લઈ ગયા હતા જ્યાં મકાનમાં ચાર માણસો બેઠા હતા. તેમાંથી વિકાસ જેને પૈસા આપવાના છે તેના તરફ આંગળી ચિંધી હતી. જે બાદ સુરેશ તડવીને પુછવામાં આવેલ કે, તમને રૂ.1500 મળી જશે, પણ કઈ બાબતના રૂપિયા માંગો છો, મારા ભાઈને કેમ માર માર્યો છે, તેનો મોબાઈલ કેમ લઈ લીધો છે. આ દરેકે અચાનક અપશબ્દો સાથે હૂમલો કરી દીધો હતો જેમાં વિકાસ ઘવાયો હતો અને હોસ્પિટલમાં લઈ જતાં તેને તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

---

**આચારસંહિતાનો કડક અમલ શરૂ**

## નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં સરકારી બેનરો અધિકારીઓ દ્વારા ઉતારી લેવાયાં



(પ્રતિનિધી) નસવાડી, તા.18

નસવાડી તાલુકામાં 60 ગ્રામ પંચાયતો આવેલી છે અને જેમાં ગામે ગામ સરકારની વિવિધ યોજનાના લાભ આપવા તેમજ સરકાર ની સિદ્ધિ ઓ વાળા બેનરો લગાવવામાં આવેલા હતા આચારસહિંતા નો કડક અમલ કરાવવા માટે તાલુકા વિકાસ અધિકારી તમામ તલાટીઓ ને ગામડાઓમાં મોકલી ને બેનરો હટાવવા માટે સૂચના આપી છે જયારે પંચાયત ની જગાઓમાં રાજકીય પાર્ટી ના ઝંડા પરમિશન વગર લગાવવામાં આવેલ હોય તેને કબ્જે લેવા માટે પણ સૂચના આપી છે જયારે નસવાડી ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં અનેક જગ્યાઓ ઉપર બેનરો લગાવવામાં આવેલ હતા તમામ બેનરો ઉતારી લેવામાં આવ્યા છે જયારે ગામડાઓમાં વિકાસ ના કામોની વહીવટી મંજૂરી નો વર્ક ઓર્ડર આચારસહિંતા ના અમલ પહેલાનો નીકળેલો હોઈ અને કામ શરુ થયેલ ના હોય તેવા વિકાસ ના કામો અટકાવવા માટે પણ તાલુકા વિકાસ અધિકારીએ સૂચના આપી છે આદિવાસી વિસ્તાર માં રાજકીય પાર્ટી ના નેતાઓ મતદારો ને કોઈપણ જાતનું પ્રહલોભન આપે તો તાત્કાલિક તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવાની રહેશે.

---

## નસવાડી આરોગ્ય કેન્દ્રમાં એક બેડ પર બે દર્દીઓ સુવા માટે મજબુર

(પ્રતિનિધી) નસવાડી, તા.18

નસવાડી તાલુકાના 210 ગામો માંથી કુટુંબ નિયોજન ના ઓપરેશન માટે નસવાડી ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર માં દરેક ગામે થી ઓપરેશન માટે મહિલાઓને એમ્બ્યુલન્સ દ્વારા લાવવાની હોઈ છે આની જવાબદારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ડોક્ટરો એ જવાબદારી લેવાની હોઈ છે પરંતુ 6 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં એમ્બ્યુલન્સો હોવા છતાંય કુટુંબ નિયોજન ના ઓપરેશન માટે મહિલાઓને લાવવા માટે એમ્બ્યુલન્સ નો ઉપયોગ કરતો નથી આદિવાસી સમાજ ની મહિલાઓ કુટુંબ નિયોજન ના ઓપરેશન માટે બાઈક ઉપર અને ખાનગી વાહન માં નસવાડી ખાતે આવે છે તેઓના કુટુંબ નિયોજનના ઓપરેશન થાય છે ત્યાર બાદ તેઓને સામુહિક આરોગ્ય કેન્દ્ર માં એક પલંગ ઉપર બે બે મહિલાઓને એક સાથે સુવડાવવામાં આવે છે મહિલા ઓપરેશન બાદ શારીરિક



રીતે ફિટનેશ તપાસીને ત્યાર બાદ રજા આપવામાં આવે છે આ સમય દરમિયાન એક સાથે બે મહિલાઓને એક પલંગ ઉપર સુવડાવતાં તેનો ચેપ લાગવાનો ભય રહે છે જયારે ઓપરેશન બાદ મહિલાઓને એમ્બ્યુલન્સ ઘરે મુકવા જાય છે પરંતુ તે ફરજ નિભાવવામાં અધિકારીઓ ધ્યાન આપતા નથી જયારે આદિવાસી વિસ્તારમાં કુટુંબ નિયોજન માટે સરકાર લાખો રૂપિયા ગ્રાન્ટ ફાળવે છે અને જેનો ફાયદો પ્રજાને મળવો જોઈએ આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી તેઓ રજૂઆત કરે છે પરંતુ તેઓની રજૂઆત સાંભળવામાં આવતી નથી.

---

## છોટાઉદેપુરમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ કરાવવા તંત્ર સજ્જ

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.18

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. છોટાઉદેપુર લોકસભા મત વિસ્તારમાં આગામી તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલી હોય જિલ્લા ચૂંટણી અધિકારીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે ચૂંટણી પ્રચાર નિયમન બાબતે જાહેરનામું બહાર પાડ્યું છે. ચુંટણી પુર્ણ ન થાય અને પરિણામ ન આવી જાય ત્યાં સુધી આ આદર્શ આચારસંહિતાઓ કડક અમલ કરવાનો રહેશે. ઉમેદવારો, વર્તમાનપત્રો, સરકારી કર્મચારીઓ તમામ માટેની ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી છે. જેનું જિલ્લા ચુંટણી વિભાગ દ્વારા સતત મોનિટરીંગ કરવામાં આવશે અને આચારસંહિતાઓ કડક અમલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.

---

**કર્મચારીઓ પાસે ભાડું વસૂલે છે પરંતુ સુવિધાના નામે મીંડુ**

## નસવાડી R&B વિભાગના ક્વાર્ટસમાં ઝાડી ઝાંખરાના લીધે સાપ અને જીવજંતુઓનો ભય

(પ્રતિનિધી) નસવાડી, તા.18

નસવાડી ખાતે સ્ટેટ આર એન્ડ બી વિભાગ ના સરકારી કર્મચારીઓના રહેવાના ક્વાટર્સ ના ગ્રાઉન્ડ માં ઝાડી ઝાંખળ ઉગી નીકળ તા સરકારી કર્મચારીઓ ક્વાટર્સ માં સાપ અન્ય જીવજંતુઓ ક્વાટર્સમાં આવી જવાનો ડર સ્ટેટ આર એન્ડ બી વિભાગ કર્મચારીઓ પાસે ભાડું વસુલે છે પરંતુ સુવિધા આપવામાં અખાડા કરે છે

નસવાડી ખાતે એસ.બી.સોલંકી વિદ્યામંદિર સામે 12 ક્વાટર્સ નામ ના ક્વાટર્સ સ્ટેટ આર એન્ડ બી વિભાગ છોટાઉદેપુર ની માલિકીના છે પશુ દવાખાના તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ અન્ય જગ્યા ઉપર ફરજ બજાવતા કર્મચારીઓને ભાડે મકાન આપવામાં આવે છે અને તેનું ભાડું પગાર માંથી કાપી લેવામાં આવે છે સરકારી



કર્મચારીઓને રહેવા માટેની સુવિધા છે પરંતુ 12 ક્વાટર્સ ના કેમ્પસ માં વિશાળ મોટી જગ્યા વર્ષો થી ખાલી પડી છે ત્યાં ઝાડી ઝાંખળ ઉગી નીકળ્યા છે જેના કારણે સાપ વીંછી અને અન્ય જાનવરો ફરતા હોવાથી કર્મચારીઓ ડર ના મારા રહે છે.

દરવર્ષે સફાઈ ના નામે લાખો રૂપિયાનો ખર્ચ સરકારી ચોપડે ઉધારી દેવામાં આવે છે પરંતુ 12 ક્વાટર્સ ના કેમ્પસ ની સફાઈ કરવામાં આવતી નથી જયારે કર્મચારીઓ રજૂઆત કરે છે તો તેઓની રજૂઆત સાંભળવામાં આવતી નથી કેમ્પસ ની અંદર અમુક મકાનો તો વર્ષો થી બંધ પડ્યા છે કારણ કે ગટરોના પાણી નો નિકાલ નથી સ્ટેટ આર એન્ડ બી વિભાગ ના અધિકારીઓ આ ક્વાટર્સ ની મુલાકાત લઈ અને જરૂરિયાત વાળી સુવિધા સરકારી ક્વાટર્સ માં મળે તેવી માંગ કરી રહ્યા છે હાલ તો ભાડું આપવામાં આવે છે પરંતુ તેના પ્રમાણમાં સુવિધા મળતી નથી હાલ તો કર્મચારીઓ દુઃખ ભોગવીને ક્વાટર્સ માં રહે છે.

---

**છેલ્લા ત્રણ વર્ષથી વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય**

## બોડેલીના રાજવાસણાની સીમ વીજ પોલ નમી પડતા જીવનુ જોખમ

**લાઈટ** બિલ મા રાજ વાસણા ગામને બદલે ચલામાલી લખેલુ આવે છે

(પ્રતિનિધી) બોડેલી, તા.18

બોડેલી તાલુકાના રાજવાસણા ગામની સીમમાં વીજ પોલની હરોળ અને તેની પર લાદવામાં આવેલ વીજ વાયરો એકદમ નમી ગયા છે.અહીં મોટો અકસ્માત સર્જાવાની દહેશત ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

આ નમી ગયેલા વીજ થાંભલા રાજ વાસણા ગામની સીમમાં પટેલ હસમુખભાઈ કશિભાઈ ના ખેતરમાં અહીંના ખેડૂતો માટે જીવનું જોખમ ઉભું કરી રહેલ છે. છેલ્લા ૩ વર્ષથી રજુઆત કરવા છતાં તે સીધા કરવામાં આવતા નથી. હસમુખભાઈએ આ અંગેની ફરિયાદ કરતા જણાવ્યું છે કે, તેમના નામનુ લાઈટ બીલ અમોને અત્યાર સુધી મળેલ નથી. લાઈટ બિલ મા રાજ વાસણા ગામને બદલે ચલામાલી લખેલ આવે છે. જે પણ અમોએ અરજી આપ્યા પછી પણ સુધારો કરી આપવા મા આવેલ નથી. તો આ બાબતને વીજ કંપનીના અધિકારીઓ ધ્યાન પર લઈને સત્વરે દુરસ્તી કાર્ય હાથ ધરે તેવી માંગ કરવામાં આવી છે.આ ફરિયાદ પછી પણ સત્વરે દુરસ્તી નહી થાય તો જે જો કોઈ રાહદારી કે ખેડુતને નુકશાન થાય તો તેની જવાબદારી કોના



સીરે રહેશે તેવુ ગ્રામજનોની અંદર ચર્ચાઈ રહ્યું છે.

---

## પાદરાના મોભા ગામ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત

(પ્રતિનિધી) પાદરા, તા.18

પાદરા ના રાજુપુરા ગામે નવીનગરીમાં રહેતા રાજુભાઈ ખોડાભાઈ બારીયા મોટરસાયકલ લઈને ઘરેથી પત્ની દીપિકાબેન, પુત્ર કિશન તથા પાર્થ સાથે માતાજીનો માંડવો હોય તે પ્રસંગમાં જવા નીકળેલા હતા. પ્રસંગ પતાવી રાજુપુરા પરત આવતા રાતના 9:30 કલાકે મોભા આઈટીઆઈ પાસે આવેલ નર્મદા કેનાલ પાસે સફેદ કલરની ફોરવીલ ગાડીના ચાલાકે મોટરસાયકલ ને પાછળથી જુસ્સાથી ચક્કર મારતા ત્રણ વ્યક્તિ રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા જ્યારે નાનો છોકરો પાર્થ ફોરવીલ ગાડી ની આગળ બોનેટના ભાગે ઉછળીને પટકાયેલ અને તેને દૂર જઈને ઉતારીને ફોરવિલ ગાડી નો ચાલાક એક્સિડન્ટ કરી નાશિ ગયો હતો. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

---

## નસવાડીના સરિયાપાણીમાંથી રૂ.1.94 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધી) નસવાડી, તા.18

નસવાડી પોલીસ ને છેલ્લા કેટલાક સમય થી નસવાડી તાલુકાના ઊંડાણ ના ગામડાઓમાંથી ઈંગ્લીસ દારૂ નસવાડી માં અને અન્ય જગ્યાઓ ઉપર ઠલવાતો હોવાની બાતમી મળતા નસવાડી તાલુકાના સરિયાપાણી કેવડી ગામ ની વચ્ચે વોચ રાખીને ઉભા હતા તે વખતે બે મોટર સાઈકલ ઉપર ઈંગ્લીસ દારૂ લઈને બુટલેગરો આવતા હતા તેઓને ઝડપી પડ્યા હતા પરંતુ એક બુટલેગર ઝડપાયો હતો જેમાં દિલીપભાઈ કુવાંસીયાભાઈ રહેવાસી હાફેશ્વર મંદિર ફળિયું તાલુકા કવાંટ જિલ્લો છોટાઉદેપુર તેની પૂછ પરછ કરતા તેની સાથે બીજા ચાર જેટલા લોકો ભાગી ગયા છે જયારે પોલીસે હોન્ડા કંપનીની એક નંબર વગર ની મોટરસાઈકલ તેમજ બજાજ કંપનીની જીજે 34 પી 5352 નંબર ની મોટરસાઈકલ અને ઈંગ્લીસ દારૂ અને મોબાઈલ મળી કુલ 194050 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે લીધો છે જયારે આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો અને ક્યાં લઈજવામાં આવતો હતો તેની તપાસ હાથ ધરી છે નસવાડી તાલુકામાં લોકસભાની ચૂંટણીમાં દારૂની રેલમ છેલ અટકાવવામાં પોલીસ એક્સન માં આવી છે જયારે હાલ તો પોલીસ નર્મદા નદીના કાંઠા ના વિસ્તારોમાં નાવડી અને બોટ દ્વારા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર થી ઈંગ્લીસ દારૂ આવે છે તેને અટકાવવા માટે પ્રયત્ન કરી રહી છે પરંતુ બુટલેગરો અવનવા કીમિયા આજમાવીને પોલીસ ને થાપ આપીને દારૂ ઘુસાડી દે છે પોલીસ લોકસભાની ચૂંટણીમાં દારૂ ના પહોંચે તે માટે કેટલી સફળ રહે છે તે તો સમય બતાવશે.

---

**ઉનાળાના સમયમાં આ નદીઓ નર્મદા કેનાલના પાણીથી ભરવી જોઈએ, જેથી સિંચાઈનું પાણી ખેડૂતોને મળી રહે : ગ્રામજનો**

# નસવાડી તાલુકાના ગોયાવાંટ ગામ પાસેની મેણ નદી સૂકીભટ્ઠ

**વર્ષમાં** 3 પાક ખેડૂતો પકવે તો તેઓની સદ્ધરતા વધે

(પ્રતિનિધી) નસવાડી, તા.18

નસવાડી તાલુકાના ગોયાવાંટ ગામે આવેલ મેંણ નદી સૂકી ભટ્ટ બનતા નદી ની આસપાસ ના ગામો માં નદીમાંથી સિંચાઈ નું પાણી મેળવી અને ખેતી કરતા ખેડૂતો માં ચિંતા વ્યાપી છે સાથે નદી કિનારે રહેતા ખેડૂતો પોતાના પશુ ઓને દિવસ માં બે વાર નદી નું પાણી પીવડાવતા હતા પરંતુ સુકીભટ્ટ નદી બનતા ખેડૂતો ને સિંચાઈ માટે પાણી અને પશુ ઓને પીવાના પાણી માટે મુશ્કેલી ઉભી થઇ છે આ વિસ્તારો જેવા કે તણખલા જસ્કી ગોયાવાંટ નર્મદા મેઈન કેનાલ થી 10 કિલોમીટર ના વિસ્તાર માં છે ઉપર વાસ ના ભાગ માં કેનાલ નું પાણી મળતું ના હોવાથી સિંચાઈ માટે બોર અને નદીઓ ઉપર આધારિત હોઈ છે સરકાર આ ખેડૂતોને નર્મદાનું કેનાલ નું પાણી ઉપરવાસ ના ભાગ માં આપવાની વાતો કરી હતી પરંતુ વર્ષો થી ખેડૂતો સિંચાઈ ના પાણી માટે રજૂઆતો કરી રહ્યા છે સરકાર નર્મદા ડેમ ના પાણી 400 કિલોમીટર સુધી લઈ જવામાં આવે છે જયારે નર્મદા ડેમ થી આ વિસ્તારો 15 થી 20 કિલોમીટર માં છે આ વિસ્તરો ને સિંચાઈ નું પાણી ક્યારે મળશે આ વિસ્તાર ના ખેડૂતો અવકાશી ખેતી ઉપર નિર્ભર રહે છે જેનાથી પરિવારો નું ગુજરાન ચલાવવું મુશ્કેલ બને છે જેના કારણે પરિવાર ના સભ્યોને દર વર્ષે સૌરાષ્ટ્ર માં મજૂરી કામે જવું પડે છે જેનાથી જે પરિવાર સૌરાષ્ટ્ર મજૂરી કામે જાય છે તે પરિવાર ના નાના બાળકો સાથે જતા હોવાથી નાના બાળકોનું શિક્ષણ પણ બગડે છે એક તરફ મોઘવારી દિવસે દિવસે વધી રહી છે તેવામાં પરિવારો નું ગુજરાન ચલાવવું મુશ્કેલ થઇ રહ્યું છે અને ખેડૂતો દિવસે દિવસે દેવેદાર થઇ રહ્યા છે તેવા સમયે ખેતીમાં સિંચાઈ ની સુવિધા માટે પાણી મળે તો વર્ષ માં 3 પાક ખેડૂતો પકવે તો તેઓની સદ્ધરતા વધે પરંતુ સરકાર આદિવાસી વિસ્તારના આ ખેડૂતો માટે આજદિન સુધી ચિંતા ના કરતા ખેડૂતોની હાલત દિવસે દિવસે કફોડી થઈ રહી છે.

